



ગાંધીજીના અંતેવાસી વયોવૃદ્ધ સ્વાતંત્ર્ય સેનાની લેખક શ્રી પ્રભુદાસભાઈ ગાંધી સાથે પીટર રયુહે નજરે પડે છે. બીજી તસ્વીર "ગાંધી મારી નજરે" ચિત્ર સ્પર્ધામાં એક વિદ્યાર્થીએ દોરેલું ચિત્ર

# "ગાંધી મારી નજરે" ચિત્ર-સ્પર્ધા યોજાઈ

# કાલે ઈનામ વિતરણ: એવોર્ડ અર્પણ સમારોહ

રાજકોટ, તા.૨૧ : ગાંધી ઈન્ફોર્મેશન ઝેન્ટ્રમ (બર્લિન) તથા ગાંધી રિસોર્સ એન્ડ એજ્યુકેશન સેન્ટર (રાજકોટ)ના સંયુકત ઉપક્રમે તેમજ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ગુજરાત બોટલીંગ કમ્પનીના સૌજન્યથી રાષ્ટ્રીયશાળા ખાતે તાજેતરમાં પ્રાથમિકથી કોલેજ કક્ષા સુધીના વિદ્યાર્થીઓ માટે એક ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સાતસો જેટલા સ્પર્ધકોએ હોંશભેર ભાગ લીધો હતો. રાજકોટ સિવાય સૌરાષ્ટ્રના અન્ય જીલ્લાઓમાંથી પણ સ્પર્ધકો ચિત્ર-સ્પર્ધામાં ભાગ લેવા આવ્યા હતા. 'ગાંધી મારી નજરે' ચિત્ર-સ્પર્ધાના અતિથિ વિશેષ મહેમાનો સર્વશ્રી પ્રભુદાસભાઈ ગાંધી, નરેન્દ્રભાઈ અંજારીયા, આભાબેન ગાંધી, વિઠ્ઠલભાઈ આહયા, વગેરેએ મુલાકાત લીધી હતી. ઉપરોકત બન્ને સંસ્થાઓના ઉપક્રમે યોજાયેલ ચિત્ર સ્પર્ધાના વિજેતાઓને ઈનામ વિતરણ અને ચિત્ર પ્રદર્શન કાર્યક્રમ રાષ્ટ્રીયશાળા ખાતે ૨૨મી ફેબ્રુઆરી (શનિવાર) ના રોજ સાંજે ૪ વાગ્યે યોજાયેલ છે.

ગાંધી ઈન્ફોર્મેશન ઝેન્ટ્રમ (બર્લિન)ના સ્થાપક પ્રમુખ તથા 'ગાંધી મારી નજરે' ચિત્ર સ્પર્ધાના સૂત્રધાર ગાંધવાદી જર્મન અગ્રણી પીટર રયુહેને સમગ્ર વિશ્વમાં ગાંધી વિચારધારાને ચિત્ર-સ્પર્ધા પ્રદર્શનો, ફિલ્મ, ટી.વી. પત્રકારત્વ તેમજ સાહિત્યના માધ્યમો દ્વારા અવિરત પ્રચાર-પ્રસાર કરતા એક વિશિષ્ટ વિરલ કાર્ય બદલ શ્રી સંસ્કાર શિક્ષણ સેવા ટ્રસ્ટ પ્રેરિત 'શબ્દરંગ' પ્રસ્થાપિત મહાત્મા ગાંધી સ્મૃતિ પુરસ્કાર નિયંત્રિતોની ઉપસ્થિતિમાં માજી શ્રમમંત્રી શ્રી મનસુખભાઈ જોશીના વરદહસ્તે ૨૨મી ફેબ્રુઆરીના રોજ રાષ્ટ્રીય શાળા ખાતે સાંજે ૪ વાગ્યે અર્પણ થનાર છે.

સમારોહમાં પ્રમુખ સ્થાને શ્રી પુરુષોતમભાઈ ગાંધી તેમજ સર્વશ્રી હરસુખભાઈ તંબોલી, પ્રમોદભાઈ કલ્યાણી, પ્રદ્યુમન જોશીપુરા તથા મુખ્ય મહેમાન રાષ્ટ્રપિતા ગાંધીના અંતેવાસી વયોવૃદ્ધ સ્વાતંત્ર્ય સેનાની તથા લેખક શ્રી પ્રભુદાસભાઈ ગાંધી ઉપસ્થિતિ રહેશે. જ્યારે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર શ્રી વજુભાઈ વાળા આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેશે. તેમ પીટર રયુહે નાગરિક સન્માન સમિતિના કન્વીનર શ્રી ગુણવંતભાઈ ઉેલાવાળાની એક અખબારી યાદીમાં જણાવવામાં આવેલ છે.

AKILA, 21.2.92